# આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ખાતે "બાયોડાયનેમિક્સ ફાર્મિંગ" નો સેમીનાર સંપન્ન

## <u>પ્રેસ નોટ</u>

ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ (GAAS) ઝોનલ ચેપ્ટર, બી. એ. કોલેજ ઓફ એગ્રીકલ્ચર એલમની એસોશીએશન અને આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદના સંયુક્ત ઉપક્રમે તા. ૯/૧૨/૨૦૧૯ ને સોમવારના રોજ આણંદ કૃષિ યુનિવર્સિટીના એફ.પી.ટી એન્ડ બીઇ કોલેજના ઓડીટોરીયમ હોલ ખાતે "બાયોડાયનેમિક્સ ફાર્મિંગ" વિષય ઉપર એક દિવસીય રાજ્ય કક્ષાના સેમીનારનું આયોજન કરેલ હતુ. જેમાં ૪૦૦ જેટલા કૃષિ વૈજ્ઞાનિકો, વિદ્યાર્થીઓ, પ્રગતિશીલ ખેડૂતો અને નિવૃત કૃષિ વૈજ્ઞાનિકો હાજર રહ્યા હતા.

આ સેમીનારમાં આણંદ કૃષિ યુનિવર્સિટીના કુલપતિશ્રી ડૉ. આર. વી. વ્યાસની અધ્યક્ષતામાં યોજાયો હતો. રાજ્યકક્ષાના સેમિનારના મુખ્ય મહેમાન તરીકે ડૉ. બી. આર. શાહ, કુલપતિશ્રી, ગુજરાત ઓર્ગેનિક એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી તથા અતિથી વિશેષ તરીકે ડૉ. આર. એ. ખીમાણી, પ્રમુખશ્રી, ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું માર્ગદર્શન ડો. એમ. વી. પટેલ, પ્રમુખ, ગુજરાત કૃષિ વિજ્ઞાન મંડળ, આણંદ ચેપ્ટર અને સંચાલન ડો. પી. એમ. પટેલ, ડો. કે. સી. પટેલ અને ડો. ડી. જે. પરમાર દ્વારા કરવામાં આવેલ. સદર સેમીનારમાં મીસ. રચેલ પોમેરોય, કૃષિ વૈજ્ઞાનિક, ન્યુઝીલેન્ડ દ્વારા 'બાયોડાયનામિક્સ ફાર્મિંગ' એટલે શુ અને તેનું કૃષિ ઉત્પાદનમાં મહત્વ અંગે સમજ આપવામાં આવેલ. શ્રી સર્વદમન પટેલ, પ્રમુખ અખિલ ભારતિય સજીવ ખેત ઉત્પાદન મંડળ, ભાઇકાકા કૃષિ કેન્દ્ર, રવિપુરા (આણંદ) દ્વારા બાયોડાયનામિક્સ ફાર્મિંગનું પ્રાયોગિક કૃષિમાં ઉપયોગ અને તેઓશ્રીના ફાર્મ પરનો સ્વાનુભવ રજુ કરતાં જણાવ્યુ હતુ કે બાયોડાયનામિક્સ વિજ્ઞાન એ જ્યોતીષ વિજ્ઞાન ગ્રહ-ચંદ્ર-સૂર્યની સ્થિતી સાથેના સમન્વયનું વિજ્ઞાન છે જેનો કૃષિ ક્ષેત્રે જમીનની તંદુરસ્તી અને છોડની વાયટાલીટી વધારી રોગ-જીવાત માટે પ્રતિકારક શક્તિ પેદા કરે છે. સેમીનારના બીજા સત્રમાં ભાઇકાકા કૃષિ કેન્દ્રની રસ ધરાવતા વૈજ્ઞાનિકો અને વિદ્યાર્થીઓએ પ્રત્યક્ષ મુલાકાત લઇ બાયોડાયનામિક્સ ફાર્મિંગ અંગેની પ્રાયોગિક માહિતી પ્રાપ્ત કરેલ હતી.

# કાર્યક્રમની ઝાંખી


Seminar on Biodynamic Farming


Seminar on Biodynamic Farming


Seminar on Biodynami
9th December 2019, Mond
The Gujarat Association for Agricultural Sciences,
B. A. College of Agriculture Alumni As
Anand Agricultural University, Anand





